ગાંધીનગર સમાચાર

સે-૨૨ રંગમંચ ખાતે પરંપરાગત દુર્ગોત્સવનું આયોજન

ઈંધણા વીણવા ગઈતી મોરી સહિયર.. અંબા આવો તો રમીયે, અમને રમતા ના આવડે... ગાંધીનગરના વિવિધ સેટરોમાં શેરી ગરબામાં નગરનું યૌવનધન હિલોળે ચઢી રહ્યું છે. નવરાત્રીનું પર્વ શહેરના સૌ કોઈ માટે પોતીકો ઉત્સવ છે અને બધા જ તેને સાચા હૃદયથી ઉજવી રહ્યા છે. માટે જ નવરાત્રી ગાંધીનગરનો સાચા અર્થમાં લોકઉત્સવ બની ચુકયો છે. ચળકતા જામા અને ટીમ ટીમ થતા આભલાથી સજેલ ચુંદડી સાથે રંગબેરંગી ફૂમતા લહેરાય છે ત્યારે અલૌકિક દૃશ્ય સર્જાય છે. જોનારા બે ઘડી મોઢામાં આંગળા નાંખી જાય તે રીતે ઘરર... ગરબે ઘુમતી કન્યાઓ એટલી ઝડપે સ્ટેપ્સ લે છે કે પ્રેક્ષકો ફાટી આંખે જોયા જ કરે છે. નાના નાના બાળુડાઓ પણ હવે તો ભરત ભરેલા કેડિયા અને માથે ફરફરતી પાઘડીઓ પહેરી બંને હાથ હવામાં લહેરાવતા લહેરાવતા મસ્તીમાં રાસડાં લેતા હોય છે એ જોઈને એમ લાગે કે સાક્ષાત કાનુડો આ નટખટોની કાયામાં પ્રવેશ કરી ગોપીઓ સંગ નાચી રહ્યો છે. શહેરના સે-૧, સે-૬ -એ અને સે-૨૯માં ગરબે ઘુમતા ખેલૈયાઓ તસવીરમાં દૃશ્યમાન થાય છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

@ગાંધીનગર

નવમું નોરતું

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે દર્શના ગાંધી ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે સુરમધુર મ્યુઝીકલ પાર્ટીના ગાયક ધર્મેન્દ્રભાઈ નાયક ગરબા રજૂ કરશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે જલસા ગ્રુપના દિવ્યા પુરોહિત અને મેહુલ બારોટ દ્વારા ગરબા રજૂ કરાશે.

● નવરાત્રિ સમિતિ સે-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે કૃણાલ ઓરકેસ્ટ્રાના ગાયક સુનીલ સોલંકી દ્વારા ગરબા રજૂ કરાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે પૃથ્વીરાજસિંહ વાઘેલા દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

● સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯કલાકે વિશાલ મ્યુઝીકલ ગ્રુપના ગાયક દિનેશ ઠાકોર ગરબાની રમઝટ જમાવશે.

● અંબાજી માંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે ડી.જે. ઓરકેસ્ટ્રા સરઢવના ધનરાજ ગઢવી અને સોનલ પટેલ ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક ખાતે વારાહી મ્યુઝીકલ ગ્રુપ ગરબા રજૂ કરશે.

● જય બુટ ભવાની મા આંનદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બ્રહ્મસમાજના મહિલા પ્રમુખ ચંદ્રીકાબેન રાવલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૩૧, સે-૪-એ ખાતે બપોરે ૨ કલાકે યોજાશે.

● લાયન્સ કલબ દ્વારા ચ-૩ ગરબા મેદાન સે-૧૧ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કેઝી બીટસ ગરબા રજૂ કરશે.

● વાવોલની દ્વારકેશ રેસીડેન્સી ખાતે આજે નવરાત્રીના ઉપવાસીઓનું સન્માન કરાશે.

- નજાહખાનમ સૈયદ

સંયુકત રાષ્ટ્રસંઘ દિનની ઉજવણી ધ્વજ ફરકાવી કરાશે

ગાંધીનગર, તા.૨૦

રાજયના સામાન્ય વહિવટ વિભાગની યાદી અનુસાર આગામી શનિવાર તારીખ ૨૪મી ઓકટોબર ૨૦૧૫ના રોજ સંયુકત રાષ્ટ્રસંઘનો ધ્વજ ફરકાવીને સંયુકત રાષ્ટ્રસંઘ દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આથી રાજભવન, ગુજરાત વિધાનસભા અને ગુજરાત હાઈકોર્ટ સિવાય જે કચેરીઓ પાસે સંયુકત રાષ્ટ્રસંઘનો ધ્વજ હોય તે કચેરીઓએ શનિવાર તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ ભારતના રાષ્ટ્રધ્વજની સાથે ધ્વજ કચેરીના મકાન પર ફરકાવવો. આ ધ્વજ ધ્વજસંહિતા **'FLAG CODE OF INDIA'** માં આપેલી સૂચનાઓ અનુસાર ફરકાવવાનો રહેશે એમ પણ યાદીમાં જણાવાયું છે.

રૂપાલ પલ્લીના રૂટ પર ૪૦ સીસીટીવી કેમેરા મુકાયા

ગાંધીનગર, તા.૨૦

રૂપાલ પલ્લી મેળામાં લાખો શ્રધ્ધાળુઓ દર વર્ષે ઉમટે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ પલ્લીમેળાના દર્શન અર્થે આવે તેવી શકયતાને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર સઘન પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે તે ઉપરાંત પલ્લીનાં રૂટ પર ૪૦ અને મંદિર પરિસરમાં ૧૦ મળીને ૫૦ સીસીટીવી કેમેરાથી આ ઝોનને હાઈ સિકયોર કરી દેવામાં આવ્યો છે.

ટ્રાફીક મામલે અવ્યવસ્થા ન સર્જાય તે માટે વિશાળ પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરાઈ : મંદિર પરીસરમાં ૧૦ કેમેરા લગાડાયા : પોલીસનો લોખંડી પહેરો તૈનાત

રૂપાલ પલ્લીમેળાના બંદોબસ્ત માટે લોખંડી પોલીસ પહેરો ગોઠવવામાં આવ્યો છે. ૨ ડીવાયએસપી, ૮ પીઆઈ, ૧૮ પીએસઆઈ, ૩૫૦ પોલીસ જવાનો, મહિલા પોલીસ, ૫૦ ટ્રાફીક પોલીસ અને ૨૨૦ હોમગાર્ડ જવાનો રૂપાલ બંદોબસ્તમાં તૈનાત રહેશે. ટ્રાફીક મામલે કઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે મંદિરની બાજુમાં જ વિશાળ મેદાનમાં પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવી છે.તે ઉપરાંત ૪૦ સીસીટીવી કમેરા પલ્લીના રૂટમાં અને ૧૦ કેમેરા મંદિર પરિસરમાં લગાડીને આ વિસ્તારને સીસીટીવીથી સજજ કરી દેવામાં આવ્યો છે. સમગ્ર પલ્લી મેળાની દરેક હિલચાલ પર પોલીસની નજર રહેશે.

સે-૨૨ રંગમંચ ખાતે પરંપરાગત દુર્ગોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સે-૨૨ રંગમંચ ખાતે પ્રતિવર્ષ નવરાત્રીના છેલ્લા પાંચ દિવસો દરમિયાન દુર્ગોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આ પરંપરાગત પ્રથા અનુસાર દુર્ગોત્સવ ૨૦૧૫નુંઆયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં શહેરના બંગાળી સમાજ સહિત અન્ય ભાવિકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે.

પાંચમા નવરાત્ર તા. ૧૯મી ઓકટોબરથી પ્રારંભ થયેલા દુર્ગોત્સવમાં મહાષષ્ઠી નિમિત્તે સંધ્યા પુજા યોજવામાં આવી હતી. આ દુર્ગોત્સવ તા. ૧૯ ઓકટોબરથી તા. ૨૩મી ઓકટોબર દરમિયાન યોજાશે. પુરબાશા કલ્ચરલ એસોસીએશન તથા દુર્ગા પૂજા ઉજવણી સમિતિ દ્વારા શ્રી અરોદિચ્યા દુર્ગોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રી દરમિયાન ભારતના પશ્ચિમ બંગાળ રાજયમાં દુર્ગા પુજાનું વિશેષ મહત્વ હોય છે. ગાંધીનગરમાં પણ બંગાળી પરિવારો મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. બંગાળી સમાજને અનુલક્ષીને આ દુર્ગોત્સવનું આયોજન કરવામાં આવે છે જેમાં પરંપરાગત બંગાળી રીતરિવાજ મુજબ દુર્ગા માતાની સ્થાપના અને ઉત્સવ પત્યા બાદ વિસર્જન કરવામાં આવે છે. આ ઉત્સવ દરમિયાન દરરોજ બપોરે મહાપ્રસાદ અને સાંજે સંધ્યા આરતી યોજવામાં આવે છે. ઉત્સવના ચાર દિવસ વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવે છે અને અંતિમ પાંચમા દિવસે દશમી પૂજા બાદ વિસર્જન યોજાય છે.

સોનલ ગરબો શીરે અંબેમા, ચાલો ધીરે ધીરે... ગાંધીનગરના સે-૧૨માં કડવા પાટીદાર સમાજના ઉમા ભવન ખાતે આયોજિત કરાયેલ નવરાત્રી મહોત્સવમાં પાટીદાર સમાજના સભ્યો પરિવાર સાથે ગરબે ઘુમ્યા હતા. અહીં લગભગ ૧ હજારથી વધુ સભ્યોએ રાસ ગરબાનો આનંદ માણ્યો હતો.

છેલ્લા ત્રણ વર્ષથી કડવા પાટીદાર સમજના ઉમા ભવન ખાતે નવરાત્રી નિમિત્તે રાસ ગરબાનું આયોજન કરે છે. અહીં કડવા પાટીદાર સમાજના સભ્યો તેમના પરિવાર સાથે નવરાત્રીની હર્ષોલ્લાસથી ઉજવણી કરે છે અને આદ્યશકિત મા જગદંબાના સ્વરૂપ ઉમિયા માતાજીની આરાધના પણ કરે છે. સમાજના યુવાનો અને યુવતિએ પારંપરિક પરિધાનમાં સજજ થઈ શિસ્તબધ્ધ ગરબા ખેલે છે. અહીં મોટે ભાગે પરંપરાગત અને પ્રચલિત ગરબા જ ગાવામાં આવે છે. અહીં યોજાતા ગરબામાં ખેલૈયાઓ તથા તમામ પ્રેક્ષકો માટે દરરોજ નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. સમાજના વડીલો પણ આ ગરબામાં સતત હાજર રહી પ્રોત્સાહન પુરું પાડે છે.

(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા આગામી શનિવારે રાસ-ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ, ગાંધીનગર દ્વારા આગામી શનિવારે રાસ-ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

મંડળની આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું મહત્ત્વ અનેરું છે. તે પૈકી ગુજરાતમાં નવરાત્રી મહોત્સવનું મહત્ત્વ સવિશેષ છે અને તેથી જ તો આબાલવૃધ્ધ સૌ નવરાત્રી પર્વની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ, ગાંધીનગર આયોજિત રાસ-ગરબા મહોત્સવમાં સૌ સાથે મળીને મા અંબાની આરાધના કરશે. આ માટે સૌ પરિવારજનોને પરંપરાગત વસ્ત્રોમાં સજજ થઈ પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તા. ૨૪ ઓકટોબર ને શનિવારના રોજ રાત્રે ૮ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેકટર-૭ ખાતે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વિક્રમ સંવત ૨૦૭૨ના નૂતન વર્ષનું સ્નેહમિલન તા. ૧૨ નવેમ્બર ને ગુરુવારના રોજ સવારે ૯થી ૧૦ દરમ્યાન સમાજ ભવન ખાતે આયોજિત કરવામાં આવ્યું છે, એમ આ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે તથા આગામી કાર્યક્રમો માટે એસએમએસ સિસ્ટમ કાર્યરત કરવાની હોઈ દરેક સભ્યને પોતાના મોબાઈલ નંબર સમાજ ભવન ખાતે નોંધાવી દેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

કામેશ્વર ઈન્ટરનેશનલમાં બાળકોએ ગરબાનો રંગ જમાવ્યો

ગાંધીનગર, તા.૨૦

રાધા ગોવાલડીના ઘર પછવાડે મોહન મોરલી વગાડે છે... હું તો ગઈ'તી મેળે... આવા તો કંઈક મસ્તી ભર્યા ગરબે સરગાસણ નજીક આવેલ કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળકો અને મોટેરાઓ ઝૂમી ઉઠયા હતા.

શહેરના ન્યુ ગાંધીનગર વિસ્તારમાં સરગાસણ ચાર રસ્તા નજીક કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલામાં નવરાત્રી નિમિત્તે રાસ ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં સ્કૂલના તમામ બાળકો સહિત કર્મચારી ગણ પણ અવનવા પારંપરિક પોષાક ધારણ કરી ગરબા રમવા મગ્ન બન્યા હતા. નવરાત્રી નિમિત્તે કરાયેલા વિશેષ આયોજનમાં શાળા સંકુલની લોનમાં બાળ ખેલૈયાઓએ રાસ ગરબાની રમઝટ જમાવી હતી. અધ્યાપક ગણ પણ બાળકો સાથે રંગબેરંગી ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબા રમવામાં જોડાતા બાળકોનો ઉત્સાહ વધી જવા પામ્યો હતો. આ ઉજવણી દરમિયાન માતાજીની આરતી પણ ઉતારવામાં આવી હતી.

આજે 'પોલીસ સંભારણા દિવસ'

ફરજ દરમિયાન શહિદ થયેલા પોલીસ અધિકારી કર્મચારીઓને શ્રધ્ધાંજલી અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૦

શહીદ થયેલા પોલીસ જવાનોની યાદગીરીરૂપે દર વર્ષે ૨૧મી ઓકટોબરનો દિવસ દેશભરમાં 'પોલીસ સંભારણા દિવસ' તરીકે મનાવવામાં આવે છે. ફરજ દરમિયાન મૃત્યુ પામેલા શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કરી શહીદોને સલામી આપવામાં આવશે. રાજયકક્ષાનો આ કાર્યક્રમ સવારે ૮ કલાકે અમદાવાદ શાહીબાગ પોલીસ સ્ટેડીયમ ખાતે શહીદ સ્મારકમાં યોજવામાં આવશે.

ડયુટી દરમિયાન મૃત્યુ પામનાર પોલીસ અધિકારી-કર્મચારીઓની શહીદીને સેલ્યુટ આપવા અને વિશેષ માન આપવા દેશભરમાં 'પોલીસ સંભારણા દિવસ' મનાવવામાં આવે છે. ફરજ દરમિયાન પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર શહીદોને રાજયના પોલીસ વડા બુધવારે સવારે ૮ વાગ્યે શાહીબાગ પોલીસ સ્ટેડીયમ, શહીદ સ્મારક ખાતે શ્રધ્ધાંજલી અર્પણ કરીને સલામી આપશે તે ઉપરાંત નિવૃત્ત ડીજીપીશ્રીઓ તથા અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કરીને સલામી આપશે.

જે.એમ. ચૌધરી શાળામાં નવરાત્રી પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય દ્વારા સ્કુલ કેમ્પસમાં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વાલીઓ સહિત શિક્ષકોએ પણ ભાગ લીધો હતો. મહોત્સવમાં રંગબેરંગી ભાતીગળ પહેરવેશમાં સજજ થઈ સૌ કોઈ ગરબાના તાલે ઝૂમી ઉઠયા હતા. શ્રેષ્ઠ ગરબા ખેલનાર વિદ્યાર્થીઓને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા.

ગ્રુપ-૧માં ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓ સ્વાતિ ઠાકોર, નેન્સી પટેલ, યુવરાજ ખાંટ, પ્રદિપસિંહ ચૌહાણ, ગ્રુપ-૨માં ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓ ઝીલ લીબાચીયા, સ્મિત પટેલ, હિમાંશુ વણઝારા, ગ્રુપ-૩માં ધોરણ ૫ અને ૬ના વિદ્યાર્થીઓ ખુશી રાવલ, પ્રિયાંશી પટેલ, સ્મિત સોલંકી, દેવ રાઠોડ તેમજ ગ્રુપ-૪માં ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓ આયુષી વ્યાસ, મૌલિક રાઠોડ, કલ્પેશ ઠાકોર, દર્શિત શર્મા વિજેતા બન્યા હતા. આ તમામ વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા તથા સંસ્થાના પ્રમુખ મણીભાઈ ચૌધરી, પ્રિન્સીપાલ મીનાબેન ચૌધરી, સુપરવાઈઝર ઈજુબેન ચૌધરીએ ઉપસ્થિતનો સૌનો આભાર વ્યકત કર્યોહતો.

ઓકટોબર-નવેમ્બર ૨૦૧૫ વિજ્ઞાનપ્રવાહ સેમીસ્ટર-૧-ઉની પરીક્ષા માટે ટોલ ફ્રી હેલ્પલાઈન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાનપ્રવાહ, સેમીસ્ટર ૧ અને ૩ની પરીક્ષા અંગે વિદ્યાર્થી વાલીને માર્ગદર્શન માટે તા. ૨૧-૧૦-૨૦૧૫ને બુધવારથી તા. ૭-૧૧-૨૦૧૫ શનિવાર સુધી ટોલ ફ્રી હેલ્પ લાઈન સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આ હેલ્પલાઈનમાં કાઉન્સેલર તેમજ સાયકોલોજીસ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ટોલ ફ્રી હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે.

આજે નવમા સ્વરૂપા મા સિધ્ધિદાત્રીનું પૂજન

ભકિત અને શકિતના અખુટ ભંડાર ભરેલુ મંગલપર્વ નવરાત્રીનું હોમ હવન અને નૈવેધના પ્રસંગો સાથે રંગેચંગે સમાપન થશે

ગાંધીનગર, તા.૨૦

આદ્યશકિતના અપાર પરચા અને તેમની શકિતનો અહેસાસ નવરાત્રી પર્વ દરમિયાન માતાજીના નવ સ્વરૂપોની આરાધના સમયે સાધકોને થતો હોય છે. આઠમના હોમ હવન સમયે મંત્રોચ્ચારના પ્રચંડ ધ્વનિ સાથે શ્રીફળ રૂપી હોમ કરી સાધકોએ માતાજીની અસીમ કૃપા પ્રાપ્ત કરવાના પ્રયાસો કર્યા હતા. ત્યારબાદ આજે મંગલપર્વ નવરાત્રીના અંતિમ અને નવમા દિવસે મા સિધ્ધિદાત્રીનું પૂજન અર્ચન કરવામાં આવશે. તેમજ માતાજીને નૈવેધ ધરાવી સહકુટુંબ પ્રસાદ લઈ મા ના આશીર્વાદ પ્રાપ્ત કરશે. આજે અંતિમ દિવસે તન મન અને ધનથી માતાજીની ઉપાસના કરી રંગેચંગે સમાપન કરવામાં આવશે અને મા જગદંબાને ઉમળકાભેર ભાવવિભોર બની શ્રધ્ધાપૂર્વક વિદાય અપાશે.

જપ-તપ અન વ્રત સહિતના વિધિ વિધાનપૂર્વકના પૂજન અર્ચનથી માતાજીનું મંગલ પર્વ નવરાત્રી દીપી ઉઠયું છે. આજે આ પર્વના અંતિમ દિવસે મા દુર્ગાના નવમા સ્વરૂપ સિધ્ધિદાત્રીનું પૂજન કરાશે. દેવી દુર્ગાના આ અંતિમ સ્વરૂપને નવદુર્ગાઓમાંથી સૌથી શ્રેષ્ઠ અને મોક્ષ પ્રદાન કરવાવાળી દેવી રીતે પૂજવામાં આવે છે તેથી ભકતોને તમામ પ્રકારની સિધ્ધીએ પ્રદાન કરે છે. મા ના આ સ્વરૂપની પૂજા દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિમુની, સાધક અને સંસારી નવરાત્રીના નવમા દિવસે કરે છે. દુર્ગાના આ રૂપની પૂજાથી યશ, બળ અને ધનની પ્રાપ્તિ થાય છે અને માતાજી ભકતને અષ્ઠ સિધ્ધીઓ પ્રદાન કરે છે.

માર્કેન્ડય પુરાણ અનુસાર અણિમા, મહિમા, ગરિમા, લઘિયા, પ્રાપ્તિ, પ્રકામ્ય, ઈશિત્વ અને

વશિત્વ આ આઠ સિધ્ધિઓની દેવી સિધ્ધીદાત્રી ગણાય છે. દેવી પુરાણ અનુસાર ભગવાન શિવે પણ આ દેવીની કૃપાથી સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી અને માતાજીની અનુકમ્પાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું જેથી સંસારમાં ભગવાન શિવ અર્ધનારીશ્વરના નામથી પ્રસિધ્ધ થયા હતા. માતા સિધ્ધિદાત્રી ચાર ભુજાઓવાળી છે અને સિંહ તેમનું વાહન છે. અને કમળ પુષ્પ ઉપર બિરજમાન છે. માતાજીના હાથોમાં શંખ,ચક્ર, ગદા, કમળપુષ્પ છે જેથી સસ્વતીના સ્વરૂપે પણ પૂજાય છે જે સફેદ વસ્ત્રોમાં મહાજ્ઞાન અને મધુરસ્વરથી ભકતોને સંમોહિત કરે છે. મધુકૈટભને મારવા માટે માતાજીએ મહામાયા ફેલાવી હતી અને અલગ અલગ રૂપોથી રાક્ષસોનો વધ કર્યો હતો. મા સિધ્ધિદાત્રી ભગવાન વિષ્ણુની અર્ધાંગિની છે અને નવરાત્રીની અધિષ્ઠાત્રી છે.

નવરાત્રી દરમિયાન ઉપાસકોએ માતાજીના નવસ્વરૂપોની પૂજા અર્ચન કરી મા ની કૃપા થકી જીવન મંગલમય બની સુખ-શાંતિ અને વૈભવના માલિક બનવાના ધાર્મિક પ્રયાસો પ્રશંસનીય અને ફળદાયી બન્યા છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા ગરબા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, સેકટર-૨૩, ગાંધીનગરની બીએડ અને એમએડ કોલેજમાં નવરાત્રી પર્વની ઉજવણી નિમિત્તે ગરબા તેમજ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમાર્થીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં સજજ થઈ ગરબાની રમઝટ બોલાવી હતી, ગરબામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તાલીમાર્થીને ઈનામ આપીને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યાં હતાં.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનનાં ડીન પ્રો. ડૉ. વીણાબેન પટેલ, ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર જે વ્યાસ, કોલેજના એચઓડી, અધ્યાપકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. હિરલબેન પટેલ અને જયદીપભાઈ ઉપલાએ નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી.

ચિરવિદાય

● સ્વ. સમજુબેન પ્રહલાદજી ઠાકોર, ઉ.વ. ૪૦

● સ્વ. વિક્રમભાઈ રમણલાલ ભાવસાર, ઉ.વ. ૭૦

વાતવાતમાં

● શહેરની લગભગ તમામ શાળાઓમાં પરીક્ષાઓ પતી જવાથી નવરાત્રીની ઉજવણીના આયોજનો કરાયા હતા. શાળા સંકુલોમાં મ્યુઝીક સીસ્ટમ પર પેન ડ્રાઈવના સહારે બાળકો રંગબેરંગી ટ્રેડીશનલ ડ્રેસીસમાં ગરબે રમી રહ્યાં છે.

● ગઈકાલે મોડી રાતે સે-૭માં ગરબા પતાવી ઘરે જઈ રહેલ એક નાનકડી દિકરીને પુરપાટ ઝડપે દોડતા બાઈકસવારે હડફટે લીધી હતી. આ બાળકીને ઈજાઓ થતા તુરંત જ સારવાર માટે હોસ્પિટલ લઈ જવાઈ હતી તેમજ બાઈક સવાર પ્રત્યે રહીશોએ ફીટકાર પણ વરસાવ્યો હતો.

● સે-૨૨માં રંગમંચ ખાતે ચાલી રહેલા દુર્ગોત્સવમાં સ્વામી વિવેકાનંદ મેમોરિયલ દ્વારા વિવેકાનંદજીના વિવિધ સાહિત્યનું વેચાણ પણ કરાઈ રહ્યું છે. વિશ્વ ધર્મસભામાં હિન્દુસ્તાનના નામનો ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદનું આ સાહિત્ય હિન્દી, ગુજરાતી તથા બંગાળીમાં વેચાણ અર્થે મુકવામાં આવી રહ્યું છે.

● વાવોલમાં નવરાત્રિની ઉજવણી માત્ર છેલ્લા બે જ દિવસ કરવામાં આવે છે. આઠમ અને નોમના દિવસે ગામની ભાગોળે મહાકાળી માતાજીના સાંનિધ્યમાં ઉજવાતી આ નવરાત્રી માણવા વાવોલ, કોલવડા, ઉવારસદ, વીસપુર, પુન્દ્રાસણ સહિતના અનેક ગામોમોંથી ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

● ગાંધીનગરના કલ્ચરલ ફોરમના ગરબા માણવા રાજકોટ જિલ્લામાંશિક્ષક તરીકેફરજ બજાવતા દિપક પારકર અને હલ્દી પારકર આવ્યા હતા. આ જોડીએ મોતી વર્કથી તૈયાર કરાયેલ વીસ વીસ કિલો વજનના વસ્ત્રો કેડિયું અને ચણિયાચોળી ધારણ કર્યા હતા જેને તેમણે રૂ. ૪૦ હજારના ખર્ચે જાતે તૈયાર કર્યા છે.

● માનવ અધિકાર પંચના ચેરમેન જયંત ભટ્ટ વય નિવૃત્ત થયા છે તેમના સ્થાને અમદાવાદના પૂર્વ પોલીસ કમિશનર સુધીર સિંહાને આ ચાર્જ સોંપવામાં આવ્યો છે.

- સમીર રામી ૯૯૨૪૪૪૬૬૪૫